| GJMR040005952024 | | |
|---|---|---|
| | દાખલ તારીખ | ૧૭/૦૨/૨૦૨૪ |
| | રજી. તારીખ | ૧૭/૦૨/૨૦૨૪ |
| | ફેસલ તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ ૦૨, માસ ૦૧, દિવસ ૨૯ |

**વાંકાનેરના મહે. એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.પ.અ.નં.પર/૨૦૨૪**

**આંક–**

**અરજદારો** :– (૧) કંચનબેન જયેશભાઈ જંગાણી

ઉ.વ. ૩૪, ધંધો–ઘરકામ,કાઈ નહી,

(૨) નિમીષાબેન જયેશભાઈ જંગાણી

ઉ.વ. સગીર,

નં.૧ તે નં.રના વાલી દરરજે

બંને રહે.બાબજી ઓઈલ મીલ,ભાયાણી જાંબુડીયા,

તા.વાંકાનેશ,જી.મોરબી.

**વિરુધ્ધ.**

**સામાવાળાઓ**:– (૧) જયશેભાઈ વિનોદભાઈ જંગાણી

ઉ.વ.પુખ્ત, ધંધો–વાયરમેન,

(૨) વિનોદભાઈ છગનલાલ જંગાણી,

ઉ.વ. પુખ્ત, ધંધો–નિવૃત,

(૩) નીરૂબેન વિનોદભાઈ જંગાણી,

ઉ.વ. પુખ્ત, ધંધો–ઘરકામ,

તમામ રહે.સરદાર પાર્ક સોસાયટી,પાણીના ટાંકા પાસે,

હેબા બાયપાસ,જામનગર.

**બાબત :- ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૨ મુજબ અરજી.**

---

અરજદાર તરફે :વિધ્વાન વકીલશ્રી એ.એસ.ઝાલા

સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી કે.બી.પરમાર

---

**// ચુકાદો //**

(૧) અરજદારની અરજીની ટુકમાં હકીકત એવી છે કે,અરજદારના સામાવાળા નં.૧ સાથે પુન:લગ્ન નવ વર્ષ પહેલા થયેલા. લગ્ન બાદ અરજદાર અમારા માવતર તરફથી મળેલ તમામ કરીયાવર લઇને સામાવાળાઓ ને ત્યાં સંયુક્ત કુંટુંબમાં રહેવા ગયેલા અને ત્યાં સામાવાળા ના પણ પુન : લગ્ન હોય, અગાઉની પત્નિથી થયેલ પુત્ર પણ સાથે રહેતા હતાં. અરજદારના સામાવાળાની સાથે પુન : લગ્ન બાદ સામાવાળા નં.૧ સાથે લગ્ન જીવન સહવાસથી એક પુત્રી નામે નીમીશાનો જન્મ રાજકોટ ગીરીરાજ હોસ્પીટલમાં સીજેરીયનથી થયેલ અને ત્યાં અરજદારના માવતરે રૂ.૩,૦૦,૦૦૦ /- અંકે રૂપીયા ત્રણ લાખ પુરાનો ખર્ચ ભોગવેલ જેમાંથી સામાવાળાએ કાંઇ પણ ખર્ચ આપેલ નહી અને જે તે વખતે અરજદારને હોસ્પીટલ ના ડોકટરશ્રી મારફત જાણવા મળેલ કે અરજદાર ને ગર્ભાશયમાં ગાંઠ હોય જેનુ ઓપરેશન જામનગર હોસ્પીટલમાં કરાવેલ અને ત્યાર બાદ અરજદાર તથા સામાવાળાના સહવાસ થી ફરીથી સગર્ભા થયેલ અને અરજદારને ફરીથી વાંકાનેર મુકામે શ્રધ્ધા હોસ્પીટલમાં સારવાર લીધેલ અને ડોકટરશ્રીની સલાહ મુજબ ગર્ભાસયની કોથળી કઢાવવી પડેલ.વધુમાં,અરજદાર સામાવાળાઓ સાથે મકાનમાં રહેતાં અને ત્યાર બાદ અરજદાર તથા સામાવાળા નં.૧ બાજુમાં જ અલગ મકાનમાં રહેતા ત્યારે સામાવાળા નં.૨ નાએ અરજદાર ને કહેલ કે તમો અમારી સાથે ઘેર આવજો મહેમાન આવવાના છે આથી સાથે જમીશુ આથી અમો બંને મારા સસરા ના ઘેર ગયેલ તો મારા સસરા અવાર નવાર છાના માના મારી સાથે ચેનચાળા કરવા લાગેલ આથી અરજદારએ પતિને જણાવતા પતિએ કહેલ કે એમાં કાંઈ નવાય નથી એમ કહી આ ચેનચાળા વાળા બનાવ ને દબાવી દિધેલ અને સસરા પણ શારિરીક ત્રાસ આપતા છતાં પણ બીજા લગ્ન હોય સામાવાળાનો ત્રાસ મુંગે મોઢે સહન કરતાં તેમજ તમામ સામાવાળાઓ કહેતા હતા કે હવે તો તને બાળક થવાનું નથી એટલે જોઇતી નથી અને જયેશ ને બીજી કરવી છે એવો ત્રાસ આપી એકાદ વર્ષ પુત્રી નીમીશા સાથે કાઢી મુકેલ અને મારા માવતર તરફથી મળેલ તમામ કરીયાવર સામાવાળાએ પોતાના કબજામાં રાખી લિધેલાનુ જણાવેલ છે.તેમજ અરજદાર ને ત્રણ

ઓપરેશન થયેલ હોઇ કાંઇ કામકાજ કરી શકીએ તેમ નથી અને સામાવાળાઓને માલીકીના પાંચ જામનગર જેવા મેગાસીટીમાં આવેલ હોય  સામાવાળાઓ સાધન સંપન્ન સુખી માણસો હોવાનુ જણાવેલ છે. તેમજ સામાવાળા નં.૧ વાયરમેન નું કામ કરે છે જેમાંથી પણ માતબર આવક મેળવતા હોવાનુ અને સામાવાળાઓને માસીક આવક આશરે ૪૦ થી ૫૦ હજાર હોવાનુ જણાવેલ છે.વધુમાં,સામાવાળાઓ એ અરજદાર પરત્વે શારિરીક હિંશા, જાતિય હિંશા, શાબ્દીક અને ભાવાત્મક દુર ઉપયોગ, આર્થીક હિંશા સહીતની સંબંધીત સતામણી હિંશા આચરેલ હોય કલમ – ૧૮ હેઠળ સુરક્ષા  તેમજ કલમ – ૧૯ હેઠળ રહેઠાણનો હુકમ તેમજ  ભરણપોષણ નાંણાકીય સહાયનો હુકમ તેમજ કલમ – ૨૦ હેઠળ માનસીક યાતના હેઠળ વળતર અપાવી ઘરેલું હિંશા સામે રક્ષણ અપાવવા અરજ કરેલ છે. તેમજ  ઘરેલુ હિંશા સામે સ્ત્રી રક્ષણ અધિનીયમ – ૨૦૦૫ હેઠળ સામાવાળાઓ વિરૂધ્ધ ઘરેલુ હિંશાના કૃત્યો સામે મનાય કરતો હુકમ ફરમાવવા તેમજ દરેક પ્રકારનું પ્રોટેકેશન પુરૂ પાડવાનો સામાવાળાઓ સામે હુકમ ફરમાવવા તથા અરજદારના રહેઠાણની સુવિધા સામાવાળાઓ કરી આપે વિકલ્પે ભાડાનું મકાન લઈ આપે અગર માસીક ભાડું રૂ. ૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પુરા તેમજ લાઇટ બીલના માસીક રૂ. ૨૦૦૦/– અંકે રૂપીયા બે હજાર નો નિયમીત ચુકવી આપે તેવો સામાવાળાઓ સામે હુકમ ફરમાવવા તથા  આ કામના સામાવાળાઓ નામ.અદાલત પુર્વ પરવાનગી આપે નહી ત્યાં સુધી સામાવાળા નં.૧ પોતાના ઘર તથા વડીલોપાર્જીત મીલ્કતમાંથી પોતાનો હકક જતો કરે નહી કે કોઇ જ મિલ્કતનું વેચાણ કરે નહી તેવો હુકમ ફરમાવવા તથા આ કામના સામાવાળાઓ સામે ઘરેલુ હિંશા સામે સ્ત્રીરક્ષણ અધિનીયમ ૨૦૦૫ હેઠળ  અરજદારને માનસીક યાતનાના વળતર પેટે રૂ.૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પાંચા લાખ પુરાનું નુકશાન વળતર ચુકવે તેવો હુકમ ફરમાવવા તથા કાયદાની કલમ–૨૩ મુજબ કેચ ચાલતા દરમ્યાન વચગાળાનો ભરણપોષણનો હુકમ માસીક રૂા.૧૫,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા તથા અરજીનો ખર્ચ રૂા.૧૦,૦૦૦/– સામાવાળાઓ ચુકવી આપે તેવો હુકમ મેળવવા અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજી રજીસ્ટરે લઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળાઓ વિરુધ્ધ નોટિસ કાઢવાનો હુકમ કરતા સામાવાળાઓ તર્ફે તેમના વિ.વ.શ્રી હાજર થયેલ છે.

(૩) આ કામે સામાવાળાઓ સામે અરજીની નોટીસ કરતાં સામાવાળાને ધોરણસર બજી જતાં, તેઓ વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૬ થી અરજદારની અરજીનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીની હકીકતોનો ઈનકાર કરેલ છે અને ખર્ચ સહીત રદ્દ કરવા જણાવેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| ક્રમ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર કંચનબેન જયેશભાઈ જંગાણી ની સરતપાસનુ સોગંદનામું | ૦૯ |

(૫) અરજદાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી.અરજદાર તર્ફે આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૬)આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| ક્રમ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.૧ જયેશભાઈ વિનોદભાઈ જંગાણીની નુ સરતપાસનુ સોગંદનામું | ૧૪ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.૧ ની પગારની નોટરાઈઝ એટેસ્ટેડ સ્લીપો | ૨૦ |
| ૨ | સામાવાળા નં.૧ ના મોટાભાઈના મરણ પ્રમાણપત્રની જેરોક્ષ નકલ | ૨૧ |
| ૩ | સામાવાળા નં.૧ ના નાનાભાઈના સારવારના મેડીકલ બીલોની એટેસ્ટેડ કોપી | ૨૨ |
| ૪ | સામાવાળાા નં.૨ ના સારવારના મેડીકલ બીલોની એટેસ્ટેટ કોપી | ૨૩ |
| ૫ | અરજદારે કરેલ ફો.પ.અ.નં.૨૮૮/૨૪ ની સરતપાસતથા ઉલટ તપાસની ખરી નકલ | ૨૪ |

(૭) સામાવાળાઓ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરેલ નથી.સામાવાળા તર્ફે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૮) અરજદાર તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,અરજદારના કુલહાર વીધીથી પુન:લગ્ન થયેલ છે.જેનો ફોટો પણ રજુ કરેલ છે.જે સામાવાળા તર્ફે સ્વીકાર કરેલ છે.સામાવાળા તર્ફે દસ્તાવેજી પુરાવાથી ડી લીસ્ટ થી રજુ કરેલ છે.જે પુરવાર કરેલ નથી.જેથી અરજદારનો પુરાવો ધ્યાને લઈ માંગ્યા મુજબની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૯)** સામાવાળા તર્ફે આંક:૩૩ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.

**(૧૦)** સદર અરજીની હકીકતે નિર્ણય માટે  નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– :: મુદ્દાઓ :: –</u>**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે,આ કામના સામાવાળાના કૃત્યથી ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે ?

(૨) શું અરજદાર સામાવાળાઓ સામે કલમ–૧૮ મુજબનો પ્રોટેકશન ઓર્ડર મેળવવા હકકદાર છે ?

(૩) શું અરજદાર સામાવાળાઓ પાસેથી કલમ–૧૯ મુજબ રહેણાંકનો હુકમ વિકલ્પે મકાન ભાડુ મેળવવા હકકદાર છ ?

(૪) શું અરજદાર કલમ–૨૦ મુજબ સામાવાળા પાસેથી ભરણપોષણની આર્થિક સહાય મેળવવા હકકદાર છે ?

(૫) શું અરજદાર કલમ–૨૨ મુજબ સામાવાળાઓ પાસેથી વળતરનો આદેશ મેળવવા હકકદાર છે ?

(૬) શું અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નીર્ણયો નીચે મુજબ છે.

**<u>– :: નીર્ણયો :: –</u>**

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) અશંત:હકારમાં

(૫) નકારમાં

(૬) અશંત:હકારમાં

(૭) આખરી હુકમ મુજબ

**<u>–:: કારણો ::–</u>**

**(૧૨)** સદર અરજીના અનુસંધાને સૌપ્રથમ એ હકીકત નોંધનીય છે કે ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા

કાયદા–૨૦૦૫નો મુખ્ય હેતુ બંધારણના આર્ટીકલ–૧૪,૧૫ અને ૨૧ અન્વયે આપવામાં આવેલા સ્ત્રીઓના અધિકારો ને વધુ અસરકારક રીતે સંરક્ષણ પુરૂ પાડવાનો છે. કુંટુંબમાં ઘરેલું હિંસા અને અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીને શારીરીક તથા માનસીક ત્રાસ સામે રક્ષણ પુરૂ પાડવાની સાથે સાથે સદર કાયદો સ્ત્રીને સેવા અને સહાય પુરી પાડે છે. સદર કાયદા હેઠળ વિવિધ દાદ મેળવવા માટે અરજદારે અરજી કરેલ હોય ડી.વી.એકટની કલમ–૩ હેઠળ ઘરેલું હિંસા સાબિત કરવાની રહે છે. સદર સ્થાપિત સિધ્ધાંતોને લક્ષમાં લઈને હાલની અરજીની ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૩) અરજદાર કંચનબેન જયેશભાઈ જગાણી નાઓએ આંક:૯ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં અરજીની હકીકતો ને સર્મથન કરતી હકીકતો જણાવેલ હોય પુનરાવર્તન ન થાય માટે ઉલ્લેખ કરેલ નથી.અરજદારનો ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મારી ઉમર આશરે ૩૫ વર્ષ ની છે.હુ પાંચ ધોરણ ભણેલી છુ.મારા પુન:લગ્ન લગભગ ૨૦૧૩–૧૪ ની સાલમા થયેલા.લગ્ન બાદ હુ છ માસ સુધી સામાવાળા સાથે સયુકત કુટુંબ મા રહેલી.સયુકત કુટુંબમા અમો પતી પત્ની, મારા સાસુ–સસરા,મારા દીયર–દેરાણી સાથે રહેતા હતા.સામાવાળા ન. ૧ ના બીજા લગ્ન છે. સામાવાળા ન. ૧ પ્રથમ લગ્ન થી એક પુત્ર છે.જેનુ નામ સમીર છે.સામાવાળા ન. ૧ ના પુત્ર ની સાર સંભાળ લીધેલ નથી.સાહેદ જણાવે છે કે,પહેલે થી જ સાસુ–સસરા સાથે રહે છે. સયુકત કુટુંબમા રહેતા હતા તે મકાનમા એક રૂમ,એક રસોડુ, એક હોલ, સંડાસ–બાથરૂમ અને ઉપર એક રૂમ અને સંડાસ–બાથરૂમ હતા. હાલમા હુ વાકાનેર નવાપરા નરેન્દ સોસા.મા રહુ છુ.મારી છોકરી નુ નામ નીમીષા છે.મારી છોકરી નો જન્મ તા.૨/૬/૨૦૧૫ ના રોજ થયેલો.હુ મારા પતી અને મારી પુત્રી વાકાનેર મુકામે બાબજી ઓઈલ મીલ મા રહેતા હતા. મારા માતા પણ ત્યા જ રહેતા હતા.હુ ભીખાભાઈ પરમાર ને ઓળખતી નથી. અમારે સામાવાળા ન. ૧ સાથે ઝધડો થયેલો અને સમાધાન અંગે થાનમા ભીખાભાઈ પરમાર અને પંચો રૂબરૂ સમાધાન થયેલુ અને ફરી પાછા સાથે રહેવા લાગેલા. સામાધાન થયા બાદ અમો જામનગર રહેતા હતા. સમાધાન બાદ અમો જામનગર રહેવા ગયેલ ત્યારે સુધીરભાઈ ડાભી ના મકાનમા ભાડે રહેતા હતા.સાહેદ જણાવે છે કે છ માસ બાદ ત્યા ભાડે રહેવા ગયેલા અને તેનુ નામ ચેતનભાઈ ડાભી છે.મારી પુત્રી ને મે ભણવા બેસાડેલી ત્યારે સામાવાળા ન. ૧ સાથે વાકાનેર મુકામે રહેતા હતા. મારી પુત્રી ને વાકાનેરમા ત્રણ વર્ષ એલ.કે.જી. અને પહેલુ–બીજુ ધોરણ અભ્યાસ કરાવેલો.હુ વાકાનેર મુકામે ભાડે રહેતી હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. સામાવાળા ન. ૨ ના ઘરે ગયેલ ત્યારે મારા સસરા અવાર નવાર મારી સાથે ચેનચાળા કરેલ હોય તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. મારા

પતિ લગ્ન માટે બસ મા મુકવા આવેલ ત્યાર બાદ અમો પરત જામનગર ગયેલ નહી. ત્યાર થી હુ વાકાનેર મુકામે રહુ છુ.શારીરીક ઈજા કરેલ હોય તે બાબતે કોઈ સારવાર લીધેલ નથી.મારા પતી જામનગર મુકામે ઈલેકટીક નુ કામ કરતા હતા.<u>મારા પતિ વાયરમેન નુ કામ કરી માસીક રૂ.૪૦ થી ૫૦ હજાર આવક મેળવતા હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.કરીયાવર નો સામાન લઈ સાસરી ગયેલ હોય તેવુ કોઈ લીસ્ટ આ કામે રજુ કરેલ નથી.આ કેસ સીવાય અમો એ સામાવાળા સામે ભરણપોષણ નો કેસ કરેલ છે.</u> જે કેસ ના નંબર મને ખબર નથી. મારે બેંકમા ખાતુ છે જે બંધ છે.જેની પાસબુક હુ કોર્ટમા રજુ કરવા માંગતી નથી. સામાવાળાના મકાનો જામનગર સીટી મા આવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.મારા પતિ ઉપર તેમના માતા પીતાની જવાબદારી છે.

(૧૪) સામાવાળા જયેશભાઈ વિનોદભાઈ જગાણી નાઓએ આંક:૧૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે,આ કામના અરજદાર જયારથી ગર્ભ ધારણ કરેલ ત્યારથી સામાવાળા તમામ તેમને સાચવતા હતા અને તેઓએ તેમના માતા પિતાના ઘરે પ્રથમ ગર્ભ હોય તેથી ત્યાં કરાવવા માટેની રજુઆત કરતા અમો સામાવાળાઓએ તેમને હા પાડેલ હતી અને અમો સામાવાળા નં.૧ વાળા પણ વાંકાનેર મુકામે વસવાટ કરતા હોય, અમો જ અરજદારની તમામ ડીલેવરીનો ખર્ચ ઉઠાવેલ છે, તેમના પિતા ન હોય, જે સ્થિતી હતી તેથી અમોએ આ તમામ ખર્ચ ઉઠાવેલ હતો અને ત્યારબાદ અરજદારની તબીયત નાદુરસ્ત રહેતા ડોકટર તપાસ પણ અમોએ કરાવેલ અને તેમને પેટમાં ગાંઠ હોય, તેનું ઓપરેશન પણ અમોએ કરાવેલ અને તે અંગેનો ઈલાજ પણ અમોએ કરાવેલ અને તમામ ખર્ચ અમોએ ઉઠાવેલા છે. આ તમામ ઈલાજ અમોએ જામનગર મુકામે કરાવેલ છે.લગ્નબાદ તુરત જ અલગ સામાવાળા નં.૧ વાળાઓ સાથે વસવાટ કરવા માટે ચાલ્યા ગયેલ હતા અને ત્યાં ૧ વર્ષ જેટલું લગ્નજીવન અલગ જ ગાળેલા હોય, અને ત્યારબાદ વાંકાનેર મુકામે અરજદાર અને સામાવાળા નં.૧ વાળાઓ અલગ જ વસવાટ કરવા માટે ચાલ્યા ગયેલ હતા, અને અરજદારની જ જીદ હતી કે, તેઓ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરશે નહીં અને તે કારણે વારંવાર ઝધડાઓ કરતા તેથી અરજદાર અને સામાવાળા નં.૧ વાળાઓ અલગ જ પ્રથમથી જ વસવાટ કરતા જેથી આ પારામાં જે અરજદારે તેમના સસરા એટલે કે, સામાવાળા નં.૨ વાળાઓ ઉપર જે આક્ષેપો કરેલ છે, તે તદન ખોટા અને વાહિયાત પ્રકારના ઉપાજાવી કાઢેલા કરેલ છે, તે હકિકતો ધ્યાને લેવા અરજ છે. ત્થા આ કામના અરજદાર વારંવાર સામાવાળા નં.૧ વાળાઓ સાથે ઝધડાઓ કરતા અને તેઓને સતત દબાણ કરતા કે, તેઓ તેમના માવતર સાથે કોઈપણ જાતનો સંબંધ ન રાખે તે બાબતે વારંવાર ઝધડાઓ કરતા અને તેઓ ખુબજ રંગીન મીજાજી અને જો–હુકમી વ્યકિત છે, તેઓ રોજબરોજ બહાર ખાણી પીણીનો શોખ રાખતા સામાવાળા નં.૧ વાળાની આવક મર્યાદિત હોવાછતાં અરજદારની તમામ ફરમાઈશ સામાવાળા નં.૧

વાળાઓ ઉછી ઉધારા કરી અને પુરી પાડતા, તેમછતાં આ કામના અરજદાર ઝઘડાઓ કરી અને વારંવાર ઘરનો ત્યાગ કરી અને માવતરે ચાલ્યા જતાં હતા, આ અગાઉ પણ સામાવાળાઓ ધ્વારા સમાધાન કરી અને તેઓ જે મ કહે તેમ રાખવાની શરતે ફરી લગ્ન જીવન બચાવવા માટે લઈ આવેલ હતા, પરંતુ આ કામના અરજદારના વર્તનમાં ક્યારેય કોઈ સ્વભાવમાં કોઈ સુધારો કરેલ ન હતો અને તેઓએ કોઈ જ કારણ વગર તેમના મામાની દીકરીની દિકરીના પ્રસંગનું બહાનું કરી અને પોતાનો તમામ સર સામાન લઈ અને લગ્નમાં જવાનું હોવાથી અમો સામાવાળા નં.૧ વાળાઓ જાતે જે તેમને લગ્નમાં જવાનું હોવાથી મુકી આવેલ હતા, ત્યારબાદ લગ્ન બાદ અમોએ તેમને તેડાવવા માટે વારંવાર પ્રયાસ કરેલ, પરંતુ આ કામના અરજદાર કોઈને કોઈ બહાના તળે વાત કરતા નહી અને ત્યારબાદ અચાનક જ હાલની આ અરજી કરી અને સામાવાળા સામે ખોટો કેશ દાખલ કરી દીધેલ છે.આ કામના અરજદાર લગ્ન સમયે પણ વાંકાનેર ખાતે ફેકટરીમાં કામ કરતા અને પાર્ટ ટાઈમમાં સીલાઈ કામ કરી અને માસીક રૂા.૧૫,૦૦૦/– ની કમાણી કરે છે, અને અમો સામાવાળા ખુબજ મધ્યમ સ્થિતીના હોય અને સ્ટ્રીટ લાઈટ લગાવવાનું કોન્ટ્રાકટમાં કામ કરી અને માસીક રૂા.૧૨,૦૦૦/–ની આવક મેળવીએ છીએ,અમોને જામનગર ખાતે એક ઘર આવેલા છે, તે પણ અમારા પિતાના નામનું છે, તેમાં અમો વસવાટ કરીએ છીએ, આ સિવાય અમારે કોઈ મિલ્કતો આવેલ નથી. અમારા પિતા હાર્ટના પેશન્ટ હોઈ અને અમારા નાના ભાઈ બિમાર હોય, તેઓ કોઈ કામકાજ કરી શકતા નથી જેથી અમો સામાવાળા નં.૧ વાળાઓના પગાર ઉપર જ સામાવાળાઓ તમામનું નિર્વાહ ચાલે છે.અરજદારે સ્વૈચ્છાએ લગ્નજીવનનો ત્યાગ કરી અને અમારા ઘરનો ત્યાગ કરી અને તમામ સરસામાન લઈ અને બહાનું કરી અને ચાલ્યા ગયેલ છે, તેથી તેઓ કોઈ ભરણપોષણ લેવા માટે હકદાર થતા નથી.અરજદારે સામાવાળાના ઘરનો ત્યાગ સ્વૈચ્છાએ કરેલ છે, તથા અમોએ ક્યારેય અરજદાર ઉપર કૌટુંબીક હીંસા આચરેલ નથી. અરજદારે સામાવાળાના ઘરનો સ્વૈચ્છાએ ત્યાગ કરેલ છે જેથી તેઓ પારા નં.૯ની ત્થા પારા નં.૧૨ની ૧ થી ૬ સુધીની કોઈપણ પ્રકારની દાદ લેવા માટે હકદાર નથી. સામાવાળાએ કોઈપણ રીતે અરજદારને દુઃખ ત્રાસ આપેલ નથી જેથી અને આપવાના પણ નથી જેથી પારા નં.૧૨ની ૧ થી ૬૯ સુધીને કોઈપણ દાદ લાવવાનો કોઈ જ હક અધિકાર નથી.સામાવાળા માસીક રૂા.૧૨,૦૦૦/–ની કમાણી કરીએ છીએ, અમો સામાવાળા નં. ૧ના માતા વૃધ્ધ અને બિમાર પિતા સાથે હાલ રહે છે તેમની પણ અમોને જવાબદારી છે અને અરજદાર કોઈ જ કારણ વગર ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે કોઈ જ કારણ વગર હાલની આ અરજી લાવેલ હોવાથી પારા નં.૧૨ની ૧ થી ૬ લેવા માટે પણ હકકદાર નથી.તેમજ દુઃખ ત્રાસ આપેલ ન હોય વળતરની રકમ મેળવવા હકદાર નથી તેવુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, કંચનબેન મારા પત્ની થાય છે.

કંચનબેન સાથે મારા પુન:લગ્ન થયેલા. મારે કંચનબેન સાથે લગ્ન થયા તેને દસ વર્ષ થયેલ છે. કંચનબેન લગ્ન બાદ જામનગર રહેવા આવેલા. અરજદાર કંચનબેન જામનગર રહેવા આવેલા તે વખતે અમારા લગ્ન જીવન થી અરજદાર કંચનબેન પ્રેગનન્ટ થયેલા. અરજદાર કંચનબેન પ્રેગનન્ટ થયેલા તે વખતે રાજકોટ ની ગીરીરાજ હોસ્પીટલ માં દાખલ થયેલા.કંચનબેન ને ગીરીરાજ હોસ્પીટલ માં સીઝેરીયરન થી પુત્રી નીમીષા નો જન્મ થયેલો.અરજદાર સંકટ ટેકરી જામનગર મુકામે રહેવા આવેલા. સામાવાળા નં.–ર ઠેબા ચોકડી, સરદાર પાર્ક સોસાયટી, જામગનર મુકામે રહે છે.જામનગર મુકામે સંકટ ટેકરી પાસે અમારે બે મકાન આવેલા છે.અરજદાર ઠેબા ચોકડી મુકામે રહેવા આવેલા. શ્રધ્ધા હોસ્પીટલ માં અરજદાર ને દાખલ કરેલા તે વખતે અમો વાંકાનેર માં રહેતા હતા. શ્રધ્ધા હોસ્પીટલમાં અરજદાર ની ગર્ભાશય ની કોથળી કઢાવેલી. હું તથા અરજદાર વાંકાનેર રહેતા હોય ત્યારે બાબજી ઓઈલમીલ ની ઓરડી માં રહેતા હતા. <u>હું જામનગર નગર પાલીકા માં નોકરી કરુ છું.સાહેદ જણાવે છે કે કોન્ટ્રાકટ ઉપર નોકરી કરુ છું.</u> વિનોદભાઈ કે જે મારા બાપુજી થાય છે તે રીક્ષા ચલાવતા હતા. મારા માતા ઘર કામ કરે છે.

**<u>મુદા નં.૧ ના જવાબના કારણો:–</u>**

પારિવારીક હિંસાખોરીથીસ્ત્રીઓના રક્ષણ અધિનિયમ ર૦૦પ ની કલમ–૩ મુજબ પારિવારીક હિંસાખોરીની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>3. Definition of domestic violence.—</u>**For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it—

(a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical, of the aggrieved person or tends to do so and includes causing physical abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or

(b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or

(c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental, to the aggrieved person. Explanation I.—For the purposes of this section,—

(i) "physical abuse" means any act or conduct which is of such a nature as to cause bodily pain, harm, or danger to life, limb, or health or impair the health or development of the aggrieved person and includes assault, criminal intimidation and criminal force;

(ii) "sexual abuse" includes any conduct of a sexual nature that abuses, humiliates, degrades or otherwise

violates the dignity of woman;

(iii) "verbal and emotional abuse" includes—

(a) insults, ridicule, humiliation, name calling and insults or ridicule specially with regard to not having a child or a male child; and

(b) repeated threats to cause physical pain to any person in whom the aggrieved person is interested. (iv) "economic abuse" includes—

(a) deprivation of all or any economic or financial resources to which the aggrieved person is entitled under any law or custom whether payable under an order of a court or otherwise or which the aggrieved person requires out of necessity including, but not limited to, household necessities for the aggrieved person and her children, if any, stridhan, property, jointly or separately owned by the aggrieved person, payment of rental related to the shared household and maintenance;

(b) disposal of household effects, any alienation of assets whether movable or immovable, valuables, shares, securities, bonds and the like or other property in which the aggrieved person has an interest or is entitled to use by virtue of the domestic relationship or which may be reasonably required by the aggrieved person or her children or her stridhan or any other property jointly or separately held by the aggrieved person; and

(c) prohibition or restriction to continued access to resources or facilities which the aggrieved person is entitled to use or enjoy by virtue of the domestic relationship including access to the shared household. Explanation II.—For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this section, the overall facts and circumstances of the case shall be taken into consideration.

આ કામના અરજદારને સામાવાળાઓએ ખરેખર કૌટુંબિક ત્રાસ આપેલ છે કે કેમ ? તે રજુ થયેલ પુરાવા આધારે નિર્ણય કરવાનો છે.આ કામે પ્રોટેકશન ઓફીસરનો ઘરેલુ હિંસાનો રીપોર્ટ રજુ કરેલ નથી.અરજદારના મૌખકી પુરાવાથી શાબ્દીક હિંસા થયેલાનુ જણાવેલ છે.જેથી ઉપરોકત કલમ–૩ ની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.

**<u>મુદ્દા નં.૨ ના જવાબના કારણો:–</u>**

અરજદાર તર્ફે રજુ થયેલ પુરાવામાં સામાવાળાઓ આ કામના અરજદાર ને કે તેમના સગા સબંધીઓ તેઓને આવતા જતા રોકતા હોય હેરાન કરતા હોય કે કોઈ અડચણ કરતા હોય તેવો લેશ માત્ર પુરાવો નથી.તેમજ સામાવાળા અરજદારને ખોટી રીતે સંપર્ક કરી ને પણ હેરાન કરતા હોય તે બાબતે કોઈ પુરાવો નથી.જેથી ડી.વી.એકટની કલમ–૧૮ મુજબ સુરક્ષાનો હુકમ મેળવવા હકદાર નથી.

**મુદ્દા નં.૩ ના જવાબના કારણો:–**

અરજદારની ઉલટ તપાસમાં ભાડાના મકાનમાં રહેતા હોય તેવો પુરાવો રજુ કરેલ ની તેવુ સ્વીકાર કરેલ છે.જેથી આ કામના અરજદાર ભાડાના મકાનમાં રહેતા હોવાનુ પુરવાર કરેલ નથી.તેમજ અરજદારે સામાવાળાના મકાનમાં રહેવા માટે કોઈ તત્પરતા દાખવેલ નથી.જેથી ડી.વી.એકટની કલમ–૧૯ મુજબ રહેઠાણનો હુકમ મેળવવા હકદાર નથી તેવુ મારુ માનવુ છે.

**મુદ્દા નં.૪ ના જવાબના કારણો:–**

આ કામના અરજદારે ડી.વી.એકટની કલમ–૨૦ હેઠળ ભરણપોષણ ની રકમ ની માંગણી કરેલ છે.અરજદારના પુરાવામાં સામાવાળા નં.૧ વાયરમેનનુ કામ કરતા હોવાનુ અને સામાવાળાઓ રૂા.૪૦–૫૦ હજાર ની આવક મેળવતા હોવાનુ જણાવેલ છે.સામાવાળા નં.૧ ની આવક અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી.જે અરજદારની ઉલટ તપાસમાં પણ સ્વીકાર કરેલ છે.આ કામના સામાવાળાનો આંક:૧૪ ના રજુ કરેલ પુરાવામાં માસીક રૂા.૧૨,૦૦૦/– આવક મેળવતા હોવાનુ જણાવેલ છે.સામાવાળાની ઉલટ તપાસનો પુરાવો જોતા જામનગર પાલીકામાં વાયરમેન તરીકે કોન્ટ્રાકમાં નોકરી કરતા હોવાનુ જણાવેલ છે.સામાવાળા તર્ફે આંક:૨૦ થી આંક:૨૪ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.જેમાં આંક:જેમાં આંક:૨૦ થી પગાર પાવતિની ખરી નકલો રજુ કરેલ છે.જેમાં જાન્યુઆરી–૨૫ માં સામાવાળા નં.૧ નો માસીક પગાર રૂા.૧૨૦૦૦/– મળતો હોવાનુ જણાવેલ છે.સામાવાળાના પુરાવામાં માતા–પિતાની જવાબદારી હોવાનુ જણાવેલ છે.તેમજ અરજદારની ઉલટ તપાસમાં માતા–પિતાની જવાબદારી હોવાનુ સ્વીકાર કરેલ છે.જેથી અરજદાર તથા સામાવાળા તર્ફે રજુ થયેલ પુરાવાથી સામાવાળા નં.૧ ની માસીક આવક રૂા.૧૨,૦૦૦/– હોવાનુ પુરવાર થયેલ છે.આ કામના અરજદાર સામાવાળા નં.૧ ના કાયદેસરના પત્ની છે.અરજદાર આવક મેળવતા હોય તેવુ સામાવાળાના પુરાવામાં જણાવેલ છે પરંતુ પુરવાર થયેલ નથી.અરજદાર તર્ફે પોતાની મિલકત તથા જવાબદારી અંગેનુ સોગંદનામુ આંક:૧૦ થી રજુ કરેલ છે.જેમાં તેઓ પાસે કોઈ મિલકત હોય અને આવક મેળવતા હોય તેવો પુરાવો નથી.તેમજ સામાવાળા તર્ફે આંક:૨૭ થી પોતાની મિલકત તથા જવાબદારી અંગેનુ સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં માતા–પિતાની જવાબદારી હોવાનુ જણાવેલ છે.તેમજ સામાવાળા નં.૧ ને અન્ય કોઈ મિલકત માંથી આવક મળતી હોય તેવુ જણાવેલ નથી.જેથી આ કામે રજુ થયેલ પુરાવા આધારે સામાવાળા નં.૧ ની આવક ધ્યાને લેતા અરજદાર નં.૧ ને માસીક રૂા.૨૫૦૦/– તથા સગીર અરજદાર નં.૨ ને માસીક રૂા.૧૫૦૦/–

હુકમ કરવો ન્યાયી તથા ઉચીત ગણાશે તેવુ મારુ માનવુ છુ.જેથી મુદ્દા નં.૪ નો જવાબ અશંત:હકારમાં આપુ છુ.

**મુદ્દા નં.૫ ના જવાબના કારણો:–**

અરજદાર ની અરજીમાં સામાવાળાઓ પાસેથી શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– વળતરની માંગણી કરેલ છે.અરજદારની ઉલટ તપાસના પુરાવામાં શારીરીક ઈજા કરેલ હોય તે બાબતે કોઈ સારવાર લીધેલ નથી તેવુ જણાવેલ છે. તેમજ અરજદારને શારીરીક કે માનસીક સ્થીતિનુ બગળેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી.તેમજ અરજદારને કોઈ આર્થીક રીતે નુકશાન થયેલ હોય કોઈ સારવાર કરાવવી પડેલ હોય તેવો પુરાવો નથી.જેથી અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોય તે માત્રથી વળતર અંગેનો કોઈ આદેશ કરવો ન્યાયી તથા ઉચીત જણાતુ નથી.જેથી પણ વળતર અંગે ડી.વી.એકટની કલમ–૨૨ અન્વયે વળતર અંગેનો માંગ્યા મુજબનો કોઈ હુકમ કરવો ઉચીત તથા ન્યાયી જણાતુ નથી.

**મુદ્દા નં.૬ ના જવાબના કારણો:–**

આ કામના અરજદાર સામાવાળાઓ પાસેથી ભરણપોષણની રકમ મેળવવા હકદાર છે.આ કામના સામાવાળાના નામે કોઈ મિલકત આવેલ હોય અને તેઓ ટ્રાન્સફર કરવા માંગતા હોય તેવો લેશ માત્ર પુરાવો રજુ કરેલ નથી.જેથી અરજદારની અરજીની બીજી કોઈ દાદ મેળવવા હકદાર નથી.જેથી મુદ્દા નં.૬ નો જવાબ અશંત:હકારમાં આપુ છુ અને મુદ્દા નં.૭ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**::હુકમ::**

**૧.** અરજદારની હાલની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.

**૨.** સામાવાળા નં.૧ નાઓએ અરજદાર નં. ૧ ને માસીક રૂ.૨,૫૦૦/– તથા સગીર અરજદાર નં. ૨ ને માસીક રૂ. ૧,૫૦૦/– ભરણપોષણ પેટે એમ કુલ માસીક રૂ.૪,૦૦૦/– અરજીની તારીખ થી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.વધુમાં,સગીર વતી રકમ અરજદાર નં.૧ ને ચુકવી આપવી.

**૩.** અરજદાર જો સામાવાળા પાસેથી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૧૨૫ અથવા અન્ય કોઈ કાયદાની જોગવાઈ તળે ભરણપોષણની રકમ મેળવતા હોય કે મેળવે અથવા વચગાળાના

તબકકે જો કોઈ રકમ ભરણપોષણ  પેટે મેળવી હોય તો તે રકમ હાલની આ અરજી પેટે સામાવાળા એ ચુકવવાની થતી ભરણપોષણની રકમમાં મજરે આપવી.

**૪.** આ કામે અરજીના પક્ષકારોને આ કાયદાની કલમ–૨૪ મુજબ આ હુકમની નકલ અરજી કર્યે થી વિના મૂલ્યે પુરી પાડવી.

**૫.** હાલ અરજીના ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર) અરજદારને સામાવાળાનં.૧ નાએ ચુકવી આપવા.

હુકમ આજ **તારીખ :** ૧૫ **માહે : એપ્રિલ , સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૪/૨૦૨૫
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪